# "સર્વાંગી કૃષિ વિકાસ" પર સરદારકૃષિનગર ખાતે રાષ્ટ્રીય સેમીનાર

સરદારકૃષિનગર (દાંતીવાડા) ખાતે તારીખ ૨૧ અને ૨૨ એપ્રીલ–૨૦૧૭ના રોજ સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી અને સોસાયટી ઓફ એકસટેન્શન એજયુકેશન–ગુજરાતના સંયુકત ઉપક્રમે " એકસટેન્શન પ્લસ એકસપાન્ડીંગ અને હોરીઝોન્સ ઓફ એકસટેન્શન ફોર હોલીસ્ટીક એગ્રીકલ્ચરલ ડેવલપમેન્ટ" વિષય પર રાષ્ટ્રીય પરિસંવાર ( સેમીનાર) નું આયોજન કરવામાં આવેલ આ પરિસંવાદમાં ગુજરાત અને મહારાષ્ટ્ર, રાજસ્થાન અને અન્ય રાજયોમાંથી કુલ ૩૦૦ થી વધારે વૈજ્ઞાનિકો / અધિકારીઓ હાજર રહેલ.

આ પરિસંવાદનું ઉદ્‌ઘાટન યુનિવર્સિટીના કુલપતીશ્રી ડૉ. અશોક પટેલે કર્યુ હતુ અને તેમણે તેમના પ્રવચનમાં વિસ્તરણ શિક્ષણ સામે સંકળાયેલ વૈજ્ઞાનિકોને જણાવ્યુ હતું કે ખેડૂત પ્રેમી ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીની યોજના મુજબ વર્ષ ૨૦૨૨માં ખેડૂતની આવક બમણી કરવા માટે વિસ્તરણ વૈજ્ઞાનિકોની જવાબદારી વધી જાય છે અને તે પ્રમાણે વધારે ઝડપથી કાર્ય કરી ખરા અર્થમાં ખેડૂત કલ્યાણનું ભગીરથ કાર્ય કરવુ પડશે, સાથે સાથે કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અને બીજા વિસ્તરણ કેન્દ્રોના કાર્યોની સરાહના કરી હતી. સોસાયટી ઓફ એકસટેન્શન એજયુકેશન ગુજરાતના પ્રમુખ ડૉ. અરૂણ પટેલ સોસાયટીના શૂન્યથી સર્જન સુધીની વાત કરી હાલ ૯૫૦ થી વધારે આજીવન સભ્યો છે તે વાત કરેલ તથા સોસાયટીના નિયમિત પ્રકાશિત થતા 'સંશોધન જનરલ' ને નાસ–દિલ્હી ધ્વારા ૩.૮૬નું નાસ રેટીંગ મળ્યુ છે.

આ સોસાયટી ધ્વારા છેલ્લા બે વર્ષથી દરેક કૃષિ યુનિવર્સિટીના કાર્યક્ષેત્રના બે–બે ખેડૂતો એમ કુલ આઠ ખેડૂતોને "પ્રોગેસીવ ખેડૂત" ના એવોર્ડથી નવાજવામાં આવેલ છે. આ વર્ષના એવોર્ડમાં બનાસકાંઠા જિલ્લાના થરાદ તાલુકાના સવાપુરા ગામના ખેડૂત પટેલ ત્રિકમભાઈ ભવાભાઈને તેમની શાકભાજી (મરચાની) ખેતી માટે આપવામાં આવેલ. આ ઉપરાંત જુનાગઢના ખેડૂત સંજયભાઈ વાગડીયાને કેરી, સીતાફળ અને જાબંમાં વેલ્યુ એડીશન કરી આવક વધારવા માટે મળેલ તથા નવસારીના સજીવત ખેતી કરતા યુવા ખેડૂત મહેશભાઈ બાલુને સજીવ હળદરની ખેતી કરી તેનો પાવડર બનાવી વેલ્યુ એડીશન કરી સરખામણીએ વધારે આવક મેળવે છે. આ ઉપરાંત બીજા પાંચ ખેડૂતોને " પ્રોગરેસીવ ફાર્મર" ના એવોર્ડથી સન્માનીત કર્યા હતા.

સોસાયટી ધ્વારા ચાલુ વર્ષે શરૂ કરેલ યુવા વિસ્તરણ વૈજ્ઞાનિક એવોર્ડ નવસારી યુનિવર્સિટીના ડૉ. જે.બી. પટેલ ( આણંદ કૃષિ યુનિવર્સિટી) તથા જુનાગઢ કૃષિ યુનિવર્સિટીની વિદ્યાર્થીની લખલાણી

માનશીબેનને વિસ્તરણ શિક્ષણ વિષયમાં બી.એસ.સી. એગ્રીના અભ્યાસક્રમમાં વધુ ટકા મળવા બદલ કેશ પ્રાઈઝ અને સર્ટીફીકેટ આપી સન્માનીત કરેલ. આ પરિસંવાદમાં ગુજરાતની વિવિધ કૃષિ યુનિવર્સિટીના ભુતપૂર્વ વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીઓ ડૉ.એમ.સી. સોની, ડૉ. બી.ટી. પટેલ, ડૉ. પી.પી. પટેલ, ડૉ. માયાણી સાહેબ તથા જોધપૂરના ડૉ. બી.એસ. ભીમાવત તથા મહારાષ્ટ્રથી ડૉ. સુભાષ સીંધે હાજર રહી તેમના મંતવ્ય રજુ કર્યા હતા અને યુવા વૈજ્ઞાનિકોને માર્ગદર્શન આપેલ.

અંતમાં જુદા જુદા થીમમાં પ્રથમ આવેલ વૈજ્ઞાનિકોને એવોર્ડ–સર્ટીફીકેટ આપી પ્રોત્સાહિત કરેલ હતાં. સરદારકૃષિનગર ખાતેના વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી ડૉ. કે.એ. ઠકકર અને ચી.પ. કૃષિ મહાવિદ્યાલયના આચાર્ય ડૉ. એમ.આર. પ્રજાપતિના માર્ગદર્શન હેઠળ સેમીનાર કન્વીનર ડૉ. વી.ટી. પટેલે સફળતાપૂર્વક સેમીનારનું આયોજન કરેલ.




